Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# ગુજરાતમાં કાર્યરત દરિયાઈ માછીમારી બોટની આંકડાકીય માહિતીનું વિશ્લેષણ

**Dr. AMAR B.PATEL**
Assistant Professor Saurashtra University Rajkot

## સારાંશ

પ્રસ્તુત સંશોધન પેપરમાં ગુજરાતમાં કાર્યરત દરિયાઈ માછીમારી બોટની આંકડાકીય માહિતીનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. જેમાં વર્ષ 2001-02 થી 2015-16 દરમિયાન દરિયાઈ બોટની સંખ્યામાં કેવા ફેરફાર થયા તે અંગે ચર્ચા કરવામાં આવી છે, તેમજ  યાંત્રિક અને બિનયાંત્રિક બોટનું વિશ્લેષણ રજૂ કરવામાં આવ્યું છે. આ વર્ષો દરમિયાન સરેરાશ કેટલા દરે બોટની સંખ્યામાં વધારો-ઘટાડો થયો તે વિશે ચર્ચા કરવામાં આવી છે.

**મહત્વના શબ્દો** : દરિયાઈ માછીમારી બોટ, વિશ્લેષણાત્મક અભ્યાસ

## પ્રસ્તાવના :

ગુજરાત રાજ્યને 1600 કિલોમીટર લાંબો દરિયાકિનારો કુદરત તરફથી મળેલ છે. જે કેટલાક અખાતો, ખાડીઓમાં વહેચાયેલ છે. ગુજરાતમાં માછીમારી પ્રવુત્તિ કચ્છ જિલ્લાના લખપતથી વલસાડ જિલ્લાના ઉમરગામ સુધી ફેલાયેલ છે. વાણિજયક ઉપયોગીતાઓ ધરાવતી પોંફ્લેટ, જ્યુ માછલી, બોમ્બેડક અને ઝીંગા જેવી માછલીઓ મોટા જથ્થામાં આ વિસ્તારોમાં ઉત્પાદન કરવામાં આવે છે. માછીમારી પ્રવુત્તિને મુખ્ય બે પ્રકારોમાં વહેંચવામાં આવી છે, દરિયાઈ મત્સ્ય ઉત્પાદન અને આંતરિક મત્સ્ય ઉત્પાદન. સાંપ્રત સમયમાં વધતી જતી વસ્તીને ધ્યાનમાં રાખીએ તો મત્સ્ય ઉત્પાદનને ખોરાકના એક મહત્વના સ્રોત તરીકે જોવામાં આવે છે આથી મત્સ્ય ઉત્પાદન વધારવા અને તેના દ્વારા આર્થિક લાભ પ્રાપ્ત કરવા એક મહત્ત્વના સાધન તરીકે મત્સ્ય બોટનું મહત્ત્વ વધતું જાય છે. આ સંજોગોમાં મત્સ્ય બોટના પ્રમાણમા કેવા પરિવર્તનો આવ્યા તે સંશોધનનો વિષય બની રહે છે આથી પ્રસ્તુત અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## સંદર્ભ સાહિત્યની સમિક્ષા :

### (1) Ganesh Kumar(2008)

પ્રસ્તુત અભ્યાસ ભારતના તમામ દરિયાકાંઠાના રાજ્યો અને પસંદ કરેલા આંતરિક માછીમારી કેન્દ્રોના જાહેરાત ખર્ચ સાથે સુસંગત હતો. જાહેરાત ખર્ચ સંલગ્ન માહિતીમાં હરાજી કરનાર જથ્થાબંધ વેપારી, છૂટક વેપારી, ફેરીયા, દરિયાઈ માછીમારી મંડળીઓ અને આંતરિક માછીમારી મંડળીઓનો જાહેરાત ખર્ચ જાણવા મળ્યો હતો. ભારતીય અગ્રણીય મછીઓ જેવી કે કાર્ય, શર્ગિન અને સીરનો જાહેરાત ખર્ચ બજાર

વિસ્તાર પ્રમાણે 34% થી 74% રહેવા પામ્યો હતો. તાજા પાણીની પ્રજાતિઓની તુલનામાં દરિયાઈ પ્રજાતિઓનો જાહેરાત ખર્ચ વધુ જોવા મળ્યો હતો. કારણ કે દરિયાઈ પ્રજાતિઓની મુસાફરી ઉત્પાદન બિંદુથી લઈને વપરાશ કેન્દ્ર સુધીના લાંબા અંતરની હોય છે. ગ્રાહકો પાસેથી મળતી આવકમાં માછીમારોનો હિસ્સો પ્રજાતિઓનું વૈવિધ્ય, જાહેરાત ચેનલ અને બજાર વૈવિધ્યને કારણે પરિવર્તનશીલ રહ્યો હતો. મોટાભાગના રાજ્યોમાં માછીમારી બંદરો, જથ્થાબંધ અને છૂટક બજારો તેમજ ફીશ લેન્ડિંગ સ્થળોએ આંતરમાળખાકીય સુવિધાઓ નબળી અને અપૂરતી જણાઈ હતી. પ્રસ્તુત અભ્યાસમાં સરળ કામગીરી અને નિયમન માટે માછીમારી વ્યવસાય સંલગ્ન સમાન બજારનીતિ ઘડી કાઢવાની જરૂરિયાત પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો. જેથી દેશમાં માછલીઓનું ઉત્પાદન કાર્યક્ષમ રીતે સંચાલિત થાય જેનો લાભ ગ્રાહકોને વપરાશસ્વરૂપે અને માછીમારોને પોષણક્ષમ ભાવો સ્વરૂપે મળે.

### (2) તિવારી સુધીર (2011)

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના કંડલા અને અન્ય નાના બંદરોની સામાજિક અને આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવા માટે પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. જેના મુખ્ય હેતુઓ નીચે પ્રમાણે હતા.

1. કંડલા બંદરની આવક અને ખર્ચનો અભ્યાસ કરવો.
2. બંદર પરથી થતાં વિદેશ વેપારનો અભ્યાસ કરવો.
3. નાના અને મોટા બંદરો પરની વાહનવ્યવહાર સંલગ્ન વ્યવસ્થાનો અભ્યાસ કરવો.
4. બંદરો પરની આંતરમાળખાકીય સગવડોનો અભ્યાસ કરવો.
5. બંદરો પરની સમસ્યાઓનો અભ્યાસ કરવો.

સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારમાં કાર્યરત બંદરોના વિકાસનું અધ્યયન કરતો આ એક વિશ્લેષનાત્મક અભ્યાસ છે. જેમાં નમૂના તરીકે કંડલા બંદર કેન્દ્રમાં હતું. પ્રસ્તુત સંશોધન માટે પ્રાથમિક ક્ષેત્ર અને દ્વિતીય ક્ષેત્રમાંથી માહિતી મેળવવામાં આવી હતી. સંશોધનમાં ઉપકરણ તરીકે પ્રશ્નાવલિ અને મુલાકાતનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. સંશોધનના મહત્ત્યવના તારણો નીચે પ્રમાણે છે.

1. મુંદ્રા બંદર પર મોટા જહાજો સમાવી શકતા ના હોવાથી કંડલા બંદર પર વાહન વ્યવહારની સમસ્યા વધુ જોવા મળી છે.
2. કંડલા બંદર પર આંતરમાળખાકીય વાણિજયક સગવડોનું પ્રમાણ વધ્યું છે આથી ત્યાં રોજગારીનું પ્રમાણ પણ વધવા પામ્યું છે.
3. બંદરો પરના કામદારો ત્રણ શ્રેણીમાં વહેંચાયેલા છે, કુશળ, અર્ધકુશળ અને બિનકુશળ. કુલ

કામદારોમાંથી 50% કામદારો સ્થળાંતરીત થયેલા છે. કામદારોને વેતન ન્યુનતમ વેતન ધોરણે ચૂકવવામાં આવે છે.

4. કંડલા અને અન્ય બંદરો પરથી નિકાસનું પ્રમાણ સતત વધવા પામ્યું છે.
5. કંડલા બંદરના વિકાસથી તેની આસપાસના વિસ્તારો ગાંધીધામ અને કંડલા ખૂબ પ્રભાવિત થયા છે. પાયાની સગવડોને અભાવે કંડલા વિસ્તારના લોકો ગાંધીધામ વિસ્તાર તરફ સ્થળાંતર થઈ રહ્યા છે.
6. કંડલા બંદરના વિકાસને કારણે ત્યાંના માછીમારી વ્યવસાય પર પ્રતિકૂળ અસર થવા પામી છે.

## હેતુ :

પ્રસ્તુત શોધપત્રનો મુખ્ય હેતુ નીચે પ્રમાણે છે.

- ગુજરાતમાં કાર્યરત દરિયાઈ માછીમારી બોટની આંકડાકીય માહિતીનો અભ્યાસ કરવો

## સંશોધન પધ્ધતિ :

પ્રસ્તુત સંશોપત્ર વર્ણણાત્મક સંશોધન પધ્ધતિ પર આધારિત છે. સંશોધન વિશ્લેષ્ણ માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જે માહિતી સાથે સંલગ્ન વિવિધ સ્રોત માંથી પ્રાપ્ત કરવામાં આવી છે. સંશોધનમાં વર્ષ 2001-2 થી વર્ષ 2015-16 સુધીની આંકડાકીય માહિતીનોજ ઉપયોગ કરવામાં આવેલ છે અને તેને આધારે મૂલ્યાંકન હાથ ધરવામાં આવેલ છે. સંશોધનમાં મળેલ તારણો અમુક સમયગાળા માટેજ મર્યાદિત છે અને ભવિષ્યમાં તે પરીવર્તનશીલ હોય શકે જે પ્રસ્તુત સંશોધનની મર્યાદા બને છે.

## માહિતીનું પૃથક્કરણ અને અર્થઘટન :

### સારણી
### માછીમારીબોટનું પ્રમાણ

| Sr. No | Year | Mech Fishing Boats | Non.Mech Fishing Boats | Total Boats | Annual Growth Rate(%) | | |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | Mech. Boats | Non.Mech Boats | Total |
| 01 | 2001-02 | 19092 | 10414 | 29506 | - | - | - |
| 02 | 2002-03 | 19668 | 10430 | 30098 | 3.02 | 0.15 | 2.01 |
| 03 | 2003-04 | 18635 | 12365 | 31000 | -5.25 | 18.55 | 3.00 |
| 04 | 2004-05 | 18369 | 11784 | 30153 | -1.43 | -4.70 | -2.73 |
| 05 | 2005-06 | 19165 | 11905 | 31070 | 4.33 | 1.03 | 3.04 |
| 06 | 2006-07 | 20359 | 11011 | 31370 | 6.23 | -7.51 | 0.97 |
| 07 | 2007-08 | 21569 | 10917 | 32486 | 5.94 | -0.85 | 3.56 |
| 08 | 2008-09 | 22373 | 12109 | 34482 | 3.73 | 10.92 | 6.14 |
| 09 | 2009-10 | 22564 | 12141 | 34705 | 0.85 | 0.26 | 0.65 |
| 10 | 2010-11 | 22986 | 12164 | 35150 | 1.87 | 0.19 | 1.28 |
| 11 | 2011-12 | 23927 | 12163 | 36090 | 4.09 | -0.01 | 2.67 |
| 12 | 2012-13 | 24612 | 12158 | 36770 | 2.86 | -0.04 | 1.88 |
| 13 | 2013-14 | 24923 | 12205 | 37128 | 1.26 | 0.39 | 0.97 |
| 14 | 2014-15 | 25041 | 10949 | 35990 | 0.47 | -10.29 | -3.07 |
| 15 | 2015-16 | 24741 | 10465 | 35206 | -1.20 | -4.42 | -2.18 |
| 16 | 2016-17 | 24934 | 10102 | 35036 | 3.02 | -3.47 | -0.48 |

**Source: Fisheries Statistics of Gujarat State 2016-17**

ઉપરોક્ત માહિતીનું વિશ્લેષણ કરતાં માલૂમ પડે છે, કે યાંત્રિક માછીમારી બોટ અને બિનયાંત્રિક માછીમારી બોટની સંખ્યામાં વધારો- ઘટાડો થતો હોય એમ જણાય આવ્યું હતું. પ્રસ્તુત વર્ષો દરમિયાન બોટનું સરેરાશ પ્રમાણ 33,515 અને તેનો સરેરાશ વૃદ્ધિદર 1.11 % રહ્યો હતો. અંતિમ ત્રણ વર્ષો દરમિયાન બોટની સંખ્યામાં સરેરાશ 1.91 % ના દરે ઘટાડો જોવા મળ્યો હતો. યાંત્રિક માછીમારી બોટ કરતા બિનયાંત્રિક

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

માછીમારી બોટનું ઘટાડાનું પ્રમાણ વધુ હતું.

તારણો :

1 ફિશેરીઝ સ્ટેટેસ્ટીક ઓફ ગુજરાત સ્ટેટ 2016-17 દ્વારા પ્રાપ્ત માહિતી અનુસાર ગુજરાત રાજયમાં વર્ષ 2001-02 થી 2016-17 દરમિયાન બોટનું સરેરાશ પ્રમાણ 33,515 રહ્યું હતું.

2 પાછલા વર્ષો દરમિયાન દરિયાઈ બોટ ની સંખ્યામાં સરેરાશ 1.11 % ના દરે વધારો થયો હતો. જે ખુબજ નજીવો વધારો કહી શકાય

3 અંતિમ ત્રણ વર્ષો દરમિયાન તેમાં સરેરાશ 1.91% ના દરે ઘટાડો જોવા મળ્યો હતો.

4 યાંત્રિક બોટ કરતા બિનયાંત્રિક બોટનું ઘટાડાનું પ્રમાણ વધુ જોવા મળ્યું હતું.વર્ષ 2016-17 દરમિયાન તેનું ટકાવારી બિંદુ -0.45 રહેવા પામ્યું હતું.

**References:**


- - Kumar,Ganesh. (2008). *Domestic Fish Marketing in India – Changing structure, conduct performance and plicies.*Agricultural Economics Research Review,Vol.21,pp.354-354.
- SP. Tiwari, *Development of Ports in Saurashtra and Kuthc Region: An Economic Analysis.* Saurashtra University, (2011).
- **Fisheries Statistics of Gujarat State 2016-17**
- www.Commissioner of Fisheries, Gandhinagar, Gujarat (2011).